16, Nov 2018

Comeback of Ravindra Jadeja

# રવિન્દ્ર જાડેજાનો જોરદાર 'કમબેક'!

હમેં તો અપનોને લૂંટા, ગૈરોમેં કહાં દમ થા' ભારતીય ક્રિકેટના કેટલાક વિવાદાસ્પદ 'ટ્વીટ'માનું આ ટ્વીટ પણ ખૂબ જ ચર્ચામાં રહ્યું. આ ટ્વીટ કરનાર હાર્દિક પંડ્યા અને તેમાં જેનો સંદર્ભ રવિન્દ્ર જાડેજા તરફ હતો એ કમનસીબ પ્રસંગ તો ચેમ્પિયન્સ ટ્રોફિમાં બની ગયો પરંતુ એ ઘટના બાદ રવિન્દ્ર જાડેજાની ખાસ કરીને વનડે કારકિર્દી જોખમમાં મુકાઇ ગઇ અને એ 'જડ્ડુબાપુ' ભારતીય વન ડે ટીમનો અવિભાજ્ય અંગ ગણાતા તેને પણ પાણીચું પકડાવી દીધું. રવિન્દ્ર જાડેજા માટે આ એક કટોકટીનો સમય હતો. એક તરફ વિદેશી ધરતી પર ફક્ત એક સ્પીનર રમાડવાની નીતિમાં અશ્વિનને બદલે તેની પસંદગીની પણ નહિંવત શક્યતા થશે. કેટલાક ક્રિકેટ પંડિતો 'ચેમ્પિયન્સ ટ્રોફિ'ની એ ઘટનાને રવિન્દ્ર જાડેજાની ક્રિકેટ કારકિર્દીમાં 'નેગેટીવ ટર્નિંગ પોઇન્ટ' ગણાવવા લાગ્યા અને એવી પણ શક્યતા વ્યક્ત કરી કે રવિન્દ્ર જાડેજાની કારકિર્દી હવે કદાચ આઇપીએલ પૂરતી જ સિમિત રહી જશે. કુદરતની પણ કમાલ તો જુઓ, પંડ્યા-જાડેજા મિક્સઅપમાં જાડેજાનો ઇરાદોલ ખરાબ નહોતો અને એટલે કદાચ એજે હાર્દિક પંડ્યા આવીજ બીજી સ્પર્ધા એશિયા કપમાં ઇજાગ્રસ્ત થતાં ( સાથે અક્ષર પટેલ પણ) ત્યારે ટ્રોફિ રમતા રવિન્દ્રને એશિયાકપમાં દુબઇમાં ટીમ ઇન્ડિયા સાથે જોડાવવાનો કોલ આવ્યો ! જાણે કે નસીબે મોક્લેલ આ લક્ને જાડેજાએ બન્ને હાથે ઝડપી લઇને આ ત્રણ મહિનામાં એનું ધમાકેદાર પર્ફોર્મન્સ આપ્યું છે કે તેણે હવે ટેસ્ટ અને વન ડે માટે કોહલીનો વિશ્વાસ સંપાદન કરી લીધો છે અને આવનાર વિશ્વકપ માટે પણ 'જડ્ડુ'નું નામ નિશ્ચિત મનાય છે!

'રિવર્સ ઓફ ફોર્ચ્યુન' (૧૯૯૦ની હોલિવૂડ ફિલ્મ) જેવી આ 'ક્રિકેટ કહાની'માં અત્યારે તો રવિન્દ્ર જાડેજાની વાહ-વાહ થાય છે જ્યારે હાર્દિક પંડ્યા શારીરિક ઇજામાંથી બહાર આવી રહ્યો છે અને આવતી શ્રેણી, વિશ્વકપમાં તેના સ્થાન માટે જરૂર માનસિક તણાવમાં છે. 'આવેલી તક્ને એક નહીં પરંતુ બબ્બે હાથે ઝડપી તે માટે સમર્પિત બની જાવો' તેવું કહેવાતા મોટીવેશનલ ગુરૂઓ' કહેતા જ હોય છે અને સૌરાષ્ટ્રના આ સ્ટારે ખરેખર તેવું જ કરી બતાવ્યું છે. પહેલાં એશિયાકપમાં અને હવે આ



વેસ્ટઇન્ડિઝ સામેની ગત સપ્તાહે સમાપ્ત થયેલ શ્રેણીમાં રવિન્દ્ર જાડેજા તેની બોલિંગ અને ફિલ્ડીંગથી છવાઇ ગયો છે. ભારતની થીંક ટેંક અને પસંદગીકારોએ છેલ્લા બે વર્ષથી 'રિસ્ટ સ્પિનર્સ' પર જ વન ડેમાં ભરોસો રાખ્યો છે ત્યારે રવિન્દ્ર જાડેજાના ફરીથી આ 'તાજા તરામ' દેખાવે સૌના દિલ જીતી લીધાં છે. અંગ્રેજી પત્રકારો, ભૂતપૂર્વ ક્રિકેટર્સ, ક્રિકેટ પંડિતો જાડેજા ઇઝ બેક', 'રિજુવેનેટેડ રવિન્દ્ર', 'બાપુ સ્વોર્ડસ ઇટ અગેઇન' વિ. જેવા પોઝીટીવ હેડીંગ્સથી જાડેજાની આ ' વન ડે વાપસી'ને વધાવે છે અને સૌ ખુશ છે કારણ કે તેણે આપેલી તક્ને બરાબર ઝડપી છે અને વધુ એક્યુરેટ બની તેણે તેની ટીમ ઇન્ડિયા માટે ઉપયોગિતા પૂરવાર કરી છે.




ખેલજગત

કશ્યપ ધોળકિયા

dholakia123@yahoo.com


ઇંગ્લેન્ડ સામે પહેલી ચાર ટેસ્ટમાં તો તેને બેંચ પર જ બેસવું પડ્યું પરંતુ અંતે છેલ્લી ટેસ્ટમાં તેને તક અપાઇ અને જાડેજાએ એ ટેસ્ટમાં સાત વિકેટ ઝડપી એવો સંદેશ આપ્યો કે તેને અગાઉ તક અપાઇ હોત તો પ્રથમ ટેસ્ટનું પરિણામ જુદું જ હોત. ત્યારબાદ દુબઇમાં સુપર ફોર મેચમાં બાંગ્લાદેશ સામે તેની પહેલી જ ઇવેન્ટફૂલ ઓવરમાં નો બોલ, બે બાઉન્ડ્રી અને પછી શકીબઅલ હસનને મૂર્ખ બનાવી વિકેટ ઝડપતાં જ જાણે કે વનડેમાં તેના કમબેકની એ ક્ષણનું નિર્માણ થયું. ત્યારબાદ વધુ ત્રણ વિકેટ ઝડપી ભારતનો વિજય આસાન બનાવ્યો એટલું જ નહીં 'મેન ઓફ ધ મેચ'નો હક્કદાર બન્યો. એક બેટસમેન તરીકે પણ ત્યારપછી અફઘાનિસ્તાન સામે એક ફાઇનલમાં બાંગ્લાદેશ સામે જવાબદારીપૂર્ણ બેટિંગ કરી એક ઓલરાઉન્ડર તરીકેની ભૂમિકા નિભાવી.

રાજકોટમાં 'સર' જાડેજાએ વેસ્ટઇન્ડિઝ સામેની ટેસ્ટમાં અણનમ સદી ફટકારી, ચાર વિકેટ પણ ઝડપી અને એક 'અદભૂત' રનઆઉટ વિકેટ ઝડપી એક તરફ જ્યારે ભારતનો નંબર ૭ કે ૮ પર એક ઓલરાઉન્ડરની ખોટ ચાલી રહી છે ત્યારે જાડેજાનો આ દેખાવ ખૂબ જ સરાહનીય રહ્યો. તો વળી વન ડે શ્રેણીમાં તેણે ખાસ કરીને ત્રિનેજુમ ખાતેની છેલ્લી વન ડેમાં ચાર વિકેટ ઝડપી ફરી મેન ઓફ ધ મેચનો એવોર્ડ જીતી લીધો, સાથો સાથ કોચ રવિ શાસ્ત્રી અને સુકાની વિરાટ કોહલીનો વિશ્વાસ પણ. છેલ્લા વન ડેમાં તેના 'ફની' રિવ્યુએ જાડેજાના 'ફેન ફોલોઇંગ'માં વધારો કર્યો હશે જ્યારે વેસ્ટઇંન્ડિઝ સામેના પ્રથમ ટેસ્ટમેચમાં હેટમેરને તેવો જે યુનિક સ્ટાઇલથી રનઆઉટ કર્યો તે તો અશ્વિન અને કોહલીની પણ સમજમાં ન આવ્યું અને અંતે એ રનઆઉટ પણ જાડેજાને ખૂબ પ્રસિધ્ધિ અપાવી ગયો.

રવિન્દ્ર જાડેજાએ તેની આ દશ વર્ષની ક્રિકેટ કારકિર્દીમાં ઘણાં ચડાવ-ઉતાર જોયા છે. શેન વોર્ન રાજસ્થાન રોયલ્સ, તરફથી આઇપીએલની શરૂઆત કરનાર રવિન્દ્રને 'રોક સ્ટાર' નામ આપી તેને લાઇમ લાઇટમાં મૂક્યો. ૨૦૦૯માં ભારત વતીથી વનડે રમવાની શરૂઆત કરનાર રવિન્દ્રને અલબત્ત ૨૦૧૧ વિશ્વકપમાં તક ન અપાઇ પરંતુ ૨૦૧૨માં તેને ટેસ્ટ ડેબ્યુ કરવાની તક મળી. ઘર આંગણે રવિ-અશ્વિનની જોડી ટેસ્ટ શ્રેણીઓમાં એની ઘાતક રહી કે ધોની-કોહલીની કપ્તાની હેઠળ ભારતે ઓસ્ટ્રેલિયા, ઇંગ્લેન્ડ, દ.આફ્રિકા, ન્યુઝીલેન્ડ તમામ દેશોને હરાવ્યા. ફરી ૨૦૧૫ વિશ્વકપમાં નબળા દેખાવ પછી જાડેજા માટે વનડે રમવું મુશ્કેલ બન્યુ પરંતુ હાલના તેના બન્ને ફોર્મેટમાં જોરદાર દેખાવ પછી આગામી ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં તેનું ટેસ્ટ અને વન ડે ટીમમાં સ્થાન લગભગ પાકું છે વેલકમ બેક, રવિન્દ્ર!

**જે હાર્દિક પંડ્યાના ટ્વીટે રવિન્દ્રનો ભોગ લીધેલો એજ હાર્દિકના સ્થાન પર જાડેજાએ વાપસી કરી છે**

Courtesy: Phulchhab - Mr Kashyap Dholakia